## સંક્ષિપ્ત સમાચાર

### સંખેડાના રામપુરા ગામના અથેવાડિયા હનુમાન મંદિર ખાતે હનુમાન જન્મોત્સવની ઉજવણી કરાઇ



**સંખેડા :** સંખેડા તાલુકાના રામપુરા ખાતે આજરોજ અથેવાડિયા હનુમાન મંદિર ખાતે હનુમાન જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી, આજરોજ ઉજવણી દરમિયાન કેક કાપી અને હનુમાનજી મહારાજને 56 ભોગ ધરાવી ઉજવણી સંપન્ન કરવામાં આવી હતી. આજરોજ ચૈત્રી પૂનમના દિવસે હનુમાન જન્મોત્સવની દેશભરમાં ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે સંખેડા તાલુકાના રામપુરા ખાતે આવેલ 700 વર્ષ જૂના હનુમાનજી મહારાજના મંદિરે હનુમાન જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. રામપુરાના અથેવાડિયા હનુમાન મંદિર ખાતે ગ્રામજનો દ્વારા સૌથી પહેલા જન્મોત્સવની ઉજવણી પ્રસંગે કેક કાપવામાં આવી હતી. ત્યારબાદ હનુમાનજીને 56 ભોગ ધરાવવામાં આવ્યો હતો. અને ત્યારબાદ મંદિરના પૂજારી તથા ગ્રામજનોએ હનુમાનજી મહારાજની આરતી ઉતાર્યા બાદ ભંડારો કરવામાં આવ્યો હતો. અને આ રીતે હનુમાનજી મહારાજના જન્મોત્સવની ભવ્ય ઉજવણી સંપન્ન કરવામાં આવી હતી.

### શ્રી અનસૂયા માતાજી મંદિર ખાતે ચૈત્ર સુદ પૂર્ણિમાના પાવન દિવસે ભવ્ય પાટોત્સવ યોજાયો





**શિનોર :** વડોદરા જિલ્લાના શિનોર તાલુકામાં આવેલ શ્રી અનસૂયા માતાજી મંદિર ખાતે ચૈત્ર સુદ પૂર્ણિમાના પાવન દિવસે ભવ્ય પાટોત્સવ શ્રદ્ધા અને ભક્તિભાવ સાથે ઉજવાયો હતો. આ અવસરે તાલુકા તેમજ આસપાસના વિસ્તારોમાંથી ભક્તો મોટી સંખ્યામાં દર્શનાર્થે ઉમટી પડ્યા હતા. મંદિર પરિસરમાં આકર્ષક શણગાર અને ધાર્મિક માહોલ સર્જાયો હતો. અનસૂયા માતાજીના પાટોત્સવ નિમિત્તે માતાજીની વિશેષ પૂજા-અર્ચના, મહા આરતી અને વિવિધ ધાર્મિક વિધિઓ યોજાઈ હતી. આ દિવસે માતાજીને ગાયકવાડ સરકાર સમયના પ્રાચીન દાગીના અને ભવ્ય શણગાર પહેરાવવામાં આવ્યા હતા, તેની કિંમત આવશે દોઢ બે કરોડ રૂપિયાની છે જે ભક્તો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. મંદિરની સામે આવેલી એરંડી ખાડીનું પણ વિશેષ ધાર્મિક મહત્વ માનવામાં આવે છે. માન્યતા મુજબ આ ખાડીની માટી શરીરે લગાવવાથી ચામડી સંબંધિત કેટલાક રોગોમાં લાભ મળે છે.

### પાદરા પુનિતચોકમાં કષ્ટભંજન દેવ હનુમાનજી જન્મોત્સવની ભવ્ય ઉજવણી કરાઈ





**પાદરા :** પાદરા નગરના પુનિતચોક વિસ્તારમાં આવેલ શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજી મંદિર પરિસરમાં સમસ્ત નવાપુરા યુવક મંડળ દ્વારા હનુમાનજી દાદાના જન્મોત્સવની ભવ્ય અને ધાર્મિક માહોલ વચ્ચે ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે પાદરા નગરપાલિકાના સભ્ય સંતોષ પટેલ તેમજ નવાપુરા યુવક મંડળના સહયોગથી મારૂતિ યાગ, ભવ્ય ભંડારા મહોત્સવ સહિત ત્રણ દિવસીય વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. ખાસ કરીને મંદિર પરિસરમાં શિવલિંગ મંદિર અને મહાદેવની પ્રતિમા આધારિત વિશેષ થીમ તૈયાર કરવામાં આવી હતી, જે ભક્તોને આકર્ષતી હતી. મારૂતિ યાગમાં કુલ ૪૦ યુગલોએ પૂજા વિધિમાં ભાગ લીધો હતો. વહેલી સવારે ૯ વાગ્યે પાદરાના વિદ્વાન બ્રાહ્મણ દિલીપભાઈ પંડ્યા સહિત ૧૫ વિદ્વાન બ્રાહ્મણોના મંત્રોચ્ચાર સાથે યાગનો પ્રારંભ થયો હતો, જે મોડી સાંજે પૂર્ણાહુતિ સુધી ચાલ્યો હતો. પૂર્ણાહુતિ બાદ મહા આરતી યોજાઈ હતી.

### માંડવા ગામે રૂઢિયા હનુમાનજી મંદિર ખાતે જન્મોત્સવ યોજાયો





**શિનોર :** શિનોર તાલુકામાં ચૈત્ર સુદ પૂનમ, હનુમાન જયંતિની તાલુકામા ધાર્મિક કાર્યક્રમ, શ્રી હનુમાનજી ચરિત્ર કથા, મારુતિ યજ્ઞ, સુંદરકાડ, હનુમાન ચાલીસા અને મહા આરતી પછી મહાપ્રસાદી યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં ભાવીક ભક્તોએ લાભ લીધો હતો. શિનોર તાલુકા ના માલસર ગામથી માંડવા ગામ ની વચ્ચે આવેલ રૂઢિયા હનુમાનજી એ દર વર્ષ ની જેમ ચાલુ વર્ષે પણ શ્રી રામ પરિવાર સેવા સમિતિ દ્વારા હનુમાન જયંતિ ની ઉજવણી ભારે શ્રદ્ધા ભક્તિ અને ધાર્મિક કાર્યક્રમ રાખી ઉજવવા મા આવી હતી. ચૈત્ર સુદ પૂનમ ના આગલા દિવસે શ્રી રૂઢિયા હનુમાનજી મંદિર ને સજાવી આજુબાજુ બાજુ ના માલસર, માંડવા ગામના ભાવીક ભક્તો ને ધાર્મિક કાર્યક્રમ ની જાણ કરાઈ હતી આજ રોજ સવારથી હનુમાનદાદા ના ભક્તો મંદિરે ઉમટી પડ્યા હતા. સવારે 9 થી 11:30 પ. પુ.ત્રિલોચનાદેવી સાધવી (કથાકાર) ના મધુર કંઠે શ્રી હનુમાનજી ચરિત્ર કથા નો હનુમાન ચાલીસા નો લાભ લીધો હતો. ત્યારબાદ હનુમાનદાદા ની મહા આરતી કરવામાં આવી હતી.

### પાદરા ખાતે જોડિયા હનુમાનજી મંદિર ખાતે હનુમાન જયંતિ ધાર્મિક કાર્યક્રમો યોજાયો



**પાદરા :** પાદરા નગરમાં પાણીની ટાંકી પાસે આવેલ જોડિયા હનુમાનજી મંદિર ખાતે હનુમાન જયંતિ નિમિત્તે વિવિધ ધાર્મિક કાર્યક્રમો સાથે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. દેશભરમાં રામભક્ત હનુમાનજીના જન્મોત્સવની ઉજવણી વચ્ચે પાદરા ખાતે પણ ભક્તિમય માહોલ જોવા મળ્યો હતો. જોડિયા હનુમાનજી મંદિરે મહંત શ્રી પુરુષોતમદાસજી મહારાજના સાંનિધ્યમાં ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. મંદિર ખાતે વૈદિક વિધિ મુજબ વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા, જેમાં મારૂતિ યાગનું વિશેષ આકર્ષણ રહ્યું હતું. મોટી સંખ્યામાં ભક્તોએ ઉપસ્થિત રહી યાગમાં ભાગ લઈ ધાર્મિક લાભ મેળવ્યો હતો. સાંજના સમયે મહાપ્રસાદીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ભક્તોએ ઉમંગભેર ભાગ લઈ પ્રસાદ ગ્રહણ કર્યો હતો. સમગ્ર કાર્યક્રમ દરમિયાન મંદિર પરિસરમાં ભક્તિ અને આસ્થા નો માહોલ છવાયો હતો.

#### શિનોર મામલતદાર કચેરી પાસે ગાડી બગડતાં ચાલક અને અન્ય ઇસમ ગાડી મૂકી ભાગી ગયો

# ઈકો ચાલક VHPના કાર્યકરોને જોઈ ગાડીને છોડી ગયો ને પાડો લઈ ગયો

### પશુઓની તસ્કરી કરતી ગેંગ સક્રીય થતા પ્રજામાં રોશ

(પ્રતિનિધિ) શિનોર, તા.2

રાજપરા- નાવરા તરફથી પાડો ભરીને જતી ઈકો ગાડી ને વી.એચ.પી. કાર્યકરે ઉભી રાખવા પ્રયત્ન કરતા, ચાલક ભાગી જતાં શિનોર મામલતદાર કચેરી પાસે ગાડી બગડતાં ચાલક અને અન્ય ઈસમ ગાડી મૂકી ને પાડો લઈને ભાગી ગયા હતા.



તારીખ 1 એપ્રિલ 2026 ના રોજ રાજપરા - નાવરા તરફથી કતલખાને લઈ જવાના ઈરાદાથી પાડો ભરીને ઈકો ગાડી નંબર GJ 6 ED1380 લઈને ચાલક તથા અન્ય એક વ્યક્તિ પસાર થતાં જોઈ VHP ના એક કાર્યકરે ત્યાં ગાડી ઉભી રાખવા હાથથી પ્રયત્ન કર્યો, તેથી ગાડી ચાલકે આગળ આવો કહીને ગાડી હંકારી મૂકી હતી, તેથી વી.એચ.પી.ના કાર્યકરે પોતાની એકટીવા થી ગાડીનો પીછો કરતાં શિનોર મામલતદાર કચેરી પાસે ઈકો ગાડી બંધ પડી જતાં, પાડો લઈને ચાલક તથા અન્ય ઈશમ ગાડી મુકીને ભાગી ગયા હતા. VHP કાર્યકરે સ્થળ પર ફોટોગ્રાફી કરીને, સ્થાનિક પોલીસને તથા VHPના કાર્યકરોને જાણ કરતાં કાર્યકરો આવી ગયા હતા.

સ્થાનિક પોલીસે પણ સ્થળ પર આવીને ફોટોગ્રાફી કરી હતી અને ગાડી બગડેલી હોય તથા શિનોર પોલીસની હદ હોવાથી મામલતદાર કચેરી પાસે મૂકી હતી. અને આગળની કાર્યવાહી ઉપલક હાથ ધરેલ છે.

## માણેકદાસ સાહેબની પુણ્યતિથિ નિમિત્તે 42મો વાર્ષિક ઉત્સવ ઉજવાયો



(પ્રતિનિધિ) શિનોર, તા.2

શિનોર તાલુકાના અવાખલ મુકામે આવેલ સદગુરુ કબીર વિચાર ક્રાંતિ ધામ ખાતે મહંત શ્રી 108 માણેકદાસ સાહેબની પાંચમી પુણ્યતિથિ નિમિત્તે 42મો વાર્ષિક ઉત્સવ ભારે ધામધૂમ, હર્ષોલ્લાસ અને ભક્તિભાવપૂર્ણ માહોલમાં ઉજવાયો હતો. વિશ્વવંદનીય સદગુરુ કબીર સાહેબના આશીર્વાદથી યોજાયેલા આ ધાર્મિક પ્રસંગે દાસ મુક્ત મણીનામ સાહેબના માર્ગદર્શન હેઠળ વિવિધ કાર્યક્રમોનું સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું હતું. વહેલી સવારથી જ ધામ ખાતે ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. પ્રસંગે ભજન-સત્સંગ, આરતી અને ભોજન ભંડારા જેવા ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા, જેમાં ભક્તજનો ભાવવિભોર બની જોડાયા હતા. સંતો દ્વારા આધ્યાત્મિક પ્રવચનો પણ આપવામાં આવ્યા હતા.

આ અવસરે દાસ મુક્ત મણીનામ સાહેબ દ્વારા પધારેલા સાધુ-સંતો નું શાલ ઓઢાડી અને પુષ્પગુચ્છ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા તેમજ આશીર્વચન આપવામાં આવ્યા હતા.

#### 751 નવદંપતી પ્રભુતામાં પગલા પાડશે જેમા 24 યુગલ મુસ્લિમ

# સાવલી ખાતે 11 મો નિ:શુલ્ક સર્વ જ્ઞાતિય સમૂહલગ્નોત્સવ યોજાશે

### કેતન ઇનામદારના સ્વર્ગસ્થ પિતા મહેન્દ્ર ઇનામદારના જન્મદિન નિમિત્તે યોજાશે

(પ્રતિનિધિ) સાવલી, તા.2

સાવલીના ધારાસભ્ય કેતન ઈનામદારના સ્વર્ગસ્થ પિતા મહેન્દ્ર ઈનામદાર ના જન્મદિન નિમિત્તે 11 માં નિ:શુલ્ક સર્વ જ્ઞાતિય સમુહલગ્નોત્સવ માં 751 નવદંપતિ ઓ પ્રભુતા માં પગલા પાડનાર છે જેમાં 24 થી વધુ મુસ્લિમ યુગલો નવજીવનની શરૂઆત કરનાર છે ઈનામદાર પરિવાર તરફ થી આ વિરાટ સમૂહ લગ્ન ની તૈયારી ઓ ને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે, આ પ્રસંગે નવ દંપતિઓને આશીર્વાદ આપવા રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ પણ ઉપસ્થિત રહેનાર છે.

સાવલીના ધારાસભ્ય કેતન ઈનામદાર ના સ્વ પિતા મહેન્દ્રભાઈ જશભાઈ ઈનામદાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા 11 માં ભવ્ય વિરાટ નિ:શુલ્ક સમૂહ લગ્નનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે તેવામાં આગામી 4મી એપ્રિલના રોજ ભવ્ય સર્વ જ્ઞાતિય વિરાટ સમૂહ લગ્ન યોજાનાર છે આ 11 માં સર્વજ્ઞાતિ વિરાટ સમુહલગ્નોત્સવ ની તૈયારીઓ ના ભાગ રૂપે કન્યાઓ ને પાનેતર કીટ અને કુમકુમ પત્રિકાઓ નું વિતરણ કરાયું છે આ સમૂહ લગ્નમાં કુલ 751 યુગલો પોતાના દાંપત્ય જીવનની શરૂઆત કરનાર છે.

જેમાં 24, યુગલો મુસ્લિમ સમાજ ના હોવાથી તેઓ મુસ્લિમ ધર્મગુરુઓ દ્વારા નિકાહ દ્વારા નવજીવનની શરૂઆત કરનાર છે આમ હિંદુ મુસ્લિમ જ્ઞાતિના યુવક યુવતીઓ એક જ મંડપ નીચે પોતપોતાના ધાર્મિક વિધિથી લગ્નગ્રંથિથી જોડાનાર છે તે વેળાએ ભારે કોમી એકતા ના દ્રશ્યો વચ્ચે સમૂહ લગ્ન નું આયોજન થનાર છે, અને કન્યાઓ જે 4 તારીખે લગ્નસ્થળે ઘરેથી તૈયાર થઈ ને આવી શકે તેમાટે ઈનામદાર પરિવારએ કન્યાઓને પાનેતર સહિત કીટ અને કુમકુમ પત્રિકાઓ નું વિતરણ કરાયું હતું.

### વાઘોડીયા નગરમાં હનુમાન જયંતિની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી



વાઘોડિયા નગરમાં તેમજ તાલુકામાં હનુમાન જયંતી નિમિત્તે હનુમાન મંદિરોને રોશની થી શણગારવામાં આવ્યા હતા. સાંજના વાઘોડિયા નગરના વાઘનાથ મહાદેવના મંદિરેથી હનુમાન જયંતિની ઉજવણી નિમિત્તે ભવ્ય શોભાયાત્રા નીકળી નગરના મુખ્ય રસ્તાઓ પર ફરી જય અંબે ચાર રસ્તા પાસે આવેલ રંગીલા હનુમાન મંદિરે આવી પહોંચી હતી અને ત્યારબાદ મંદિરમાં હનુમાન જયંતી નિમિત્તે હનુમાન ચાલીસા ના પાઠ મહા આરતી જેવા વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા અને સાંજે રંગીલા હનુમાનજીના મંદિરે ભવ્ય ભંડારા નું આયોજન કરાયું હતું જેમાં મોટી સંખ્યામાં હનુમાન ભક્તોએ પ્રસાદીનો લાભ લીધો હતો. તેમજ તાલુકાના વ્યારા અને આજવા ખાતે આવેલ બડે હનુમાનજી મંદિરે પણ મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ દર્શનનો લાભ લીધો હતો.

## હુસેપુર ગામે શ્રી કષ્ટભંજન દેવ ખાતે હનુમાનજીના જન્મોત્સવની ઉજવણી

(પ્રતિનિધિ) પાદરા, તા.2

પાદરા-કરજણ રોડ પર આવેલ આ પવિત્ર સ્થળે દર વર્ષે હનુમાન જયંતિ નિમિત્તે વિશેષ ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવે છે. છેલ્લા બે વર્ષથી મહંત શ્રી મોહનદાસજી મહારાજના સાનિધ્યમાં ઉજવણીને વધુ ભવ્ય બનાવવામાં આવી રહી છે. આ વર્ષે પણ હનુમાન જયંતિના ઉપલક્ષમાં મંદિરે વૈદિક મહાપૂજા સાથે મારૂતિ હવનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં ભક્તોએ પરિવાર સાથે હાજરી આપી ધાર્મિક લાભ લીધો હતો. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું. આ પ્રસંગે પાદરા નગર તથા તાલુકાના સામાજિક અને રાજકીય આગેવાનો સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે મહાપ્રસાદનું પણ ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સૌએ સહભાગી બની પ્રસાદ ગ્રહણ કર્યો હતો. કાર્યક્રમમાં હુસેપુરના દક્ષેશ પટેલ (મામા), પરેશભાઈ ગાંધી, સચિનભાઈ ગાંધી, હસમુખભાઈ પટેલ તેમજ ગાયજ ગામના જીગ્નેશભાઈ સહિત અન્ય મહાનુભાવો હાજર રહ્યા હતા.



ફોટો - હુસેપુર ખાતે બિરાજમાન શ્રી કષ્ટ ભંજન દેવ હનુમાનજી નજરે પડે છે.

#### 831 વિદ્યાર્થીઓની ડીગ્રી 33ને ગોલ્ડ મેડલ

# સુમનદીપ વિદ્યાપીઠ ડીમ્ડ ટુ બી યુનિવર્સિટી ખાતે 13મો વાર્ષિક દીક્ષાંત સમારોહ યોજાયો

### વાલીઓ, વિદ્યાર્થીઓ અને ટ્રસ્ટીઓ હાજર રહ્યા હતા

(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.2

વાઘોડિયા સ્થિત પીપળીયા ખાતે આવેલ સુમનદીપ વિદ્યાપીઠમાં 13 મો વાર્ષિક દીક્ષાંત સમારોહ યોજાયો હતો.આ સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે નેશનલ કમિશન ફોર એલાઈડ એન્ડ હેલ્થકેર પ્રોફેશન્સના અધ્યક્ષ ડો.યજ્ઞા શુક્લા, અતિથિ વિશેષ તરીકે સુમનદીપના પ્રેસિડેન્ટ ડો. મનસુખભાઈ શાહ, પ્રમુખ ડૉ. દિક્ષિત શાહ, ટ્રસ્ટીઓ તથા ચાન્સલર,કાઉન્સિલના સભ્યો, ડીન, વિભાગ વડાઓ, સભ્યો અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે ડૉ. યજ્ઞા શુક્લાએ વિદ્યાર્થીઓને અભિનંદન આપતા જણાવ્યું કે આરોગ્ય ક્ષેત્રમાં નૈતિકતા, કરુણા અને નવીનતા અત્યંત મહત્વપૂર્ણ છે.સમારંભ દરમિયાન મેડિકલ, ડેન્ટલ, ફાર્મસી, ફિઝિયોથેરાપી, નર્સિંગ અને એલાઈડ હેલથકરે અને ડી.એ.એસ. એલ. પી. સહિત વિવિધ ફેકલ્ટીના કુલ 831 વિદ્યાર્થીઓને ડિગ્રી અને ડિપ્લોમા એનાયત કરવામાં આવ્યા હતા. જ્યારે શૈક્ષણિક શ્રેષ્ઠતા માટે 33 પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યા હતા.




### રામેશ્વર મંદિરે હનુમાન જયંતી નિમિત્તે મારુતિ યજ્ઞ યોજાયો

ગોધરા : પંચમહાલ જિલ્લાના મુખ્ય મથક ગોધરામાં બામરોલી રોડ પર આવેલા સુપ્રસિદ્ધ રામેશ્વર મંદિર ખાતે ચૈત્ર પૂર્ણિમાના પવિત્ર પર્વે હનુમાન જયંતીની શ્રદ્ધા અને ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ પાવન અવસરે લોક કલ્યાણના હેતુથી મંદિરમાં ભવ્ય મારુતિ યજ્ઞનું આયોજન કરાયું હતું. વહેલી સવારથી જ હનુમાનજીની અલૌકિક મૂર્તિના દર્શન કરવા માટે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા. સમગ્ર મંદિર પરિસર જય શ્રીરામ અને જય હનુમાનના ગગનભેદી નાદથી ગુંજી ઉઠ્યું હતું અને વાતાવરણ સંપૂર્ણપણે ભક્તિમય બની ગયું હતું. મારુતિ યજ્ઞમાં ધર્મેશભાઈ તથા અન્ય વિદ્વાન બ્રાહ્મણો દ્વારા શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે આહુતિઓ આપવામાં આવી હતી.

# સાવલી પંથકમાં હનુમાનજીની જન્મજયંતિ નિમિત્તે ઉજવણી ભક્તિભાવ પૂર્વક કરાઈ

### ભક્તજનોએ હનુમાનયાગ, કેક કાપી ઉજવણી કરી

(પ્રતિનિધિ) સાવલી, તા.2

સાવલી નગર તેમજ તાલુકામાં પણ ભારે ઉત્સાહપૂર્વક પવનપુત્ર હનુમાનજીનો જન્મોત્સવ ઉજવાયો સાવલી પાસેના જાવલા ગામ સ્થિત સુપ્રસિદ્ધ જાવલીયા હનુમાનજીના ના મંદિર સહિત સાવલીમાં આવેલ પંચમુખી હનુમાનજી ના મંદિરે પણ હનુમાન જ્યંતીની ઉજવણી શોભાયાત્રા અને હનુમાનયાગ સાથે કરાઈ હતી.



સમગ્ર ભારતમાં આજે રામભક્ત હનુમાનજીના જન્મોત્સવની ઉજવણી કરાઈ રહી છે ત્યારે સાવલી પાસે આવેલા જાવલા ગામે જાવલા ગામે જાવલીયા હનુમાનજીના મંદિરે હનુમાનજીના જન્મોત્સવની ઉજવણી કરાઈ હતી પૌરાણિક કથા પ્રમાણે ગુજરાતમાં સ્વંયમભૂ પ્રાગટય હનુમાનજીના મંદિરોમાં સારંગપુર, લાંભવેલ, સણસોલી, વેગા, અને સાવલી પાસેના જાવલા ગામે જાવલીયા હનુમાન મંદિરનો સમાવેશ થાય છે. સવારથી હનુમાનજીના મંદિરએ હનુમાનયાગ પૂજાનો આરંભ કરાયો હતો, જન્મદિવસ નિમિત્તે હનુમાન ભક્તોએ કેક કાપીને પણ ઉજવણી કરી હતી અને ગરબાની રમઝટ બોલાવી ભારે ભક્તિભાવ સાથે જાવલા ગામમાં શોભાયાત્રા કાઢવામાં આવી હતી અને મંદિરે પોહચી શોભાયાત્રાની પૂર્ણાહુતિ કરી ભક્તો એ દર્શન પૂજાઅર્ચના કરી ધન્યતા અનુભવી મહાપ્રસાદી ગ્રહણ કરી હતી.

# પાદરા વડું પંથકમાં હનુમાન જન્મોત્સવની શ્રદ્ધાભેર ઉજવણી

(પ્રતિનિધિ) પાદરા, તા.2

પાદરા તથા વડું આસપાસના સમગ્ર પંથકમાં આજે ચૈત્ર સુદ પૂનમના પાવન અવસરે હનુમાન જન્મોત્સવની શ્રદ્ધા અને ઉત્સાહપૂર્વક ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી.હનુમાનજી મંદિરોમાં વહેલી સવારથી જ ભક્તોની લાંબી કતારો લાગી હતી અને મંદિરોમાં ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. ચૈત્ર સુદ પૂનમના દિવસે ઉજવાતી હનુમાન જયંતિ હનુમાન ભક્તિ માટે વિશેષ મહત્વ ધરાવે છે, જેને લઈને ભક્તોમાં અનોખો ઉત્સાહ જોવા મળ્યો હતો. આ પાવન પ્રસંગે પાદરા પંથકના વિવિધ મંદિરોમાં અખંડ રામધૂન, સુંદરકાંડ પાઠ, હનુમાન ચાલીસા પાઠ, મારૂતિ યાગ સહિત વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. અનેક સ્થળોએ હનુમાન ભક્તો દ્વારા ભંડારાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. મંદિરોમાં સવારે આરતી બાદ લઘુરૂદ્ર જેવા ધાર્મિક અનુષ્ઠાનો યોજાયા હતા.



**જાહેર નોટીસ**

ડી.એફ. પટેલ,મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, કરજણની કોર્ટ
જન્મ મરણ/નોંધણી/અરજી નં.૨ /૨૦૨૫

અરજદાર: ઉસ્માન આદમ ખાખરીયા
સરનામુ: રહે. બાબર કોલોની, મુ.વલણ, તા.કરજણ, જિ.વડોદરા
સામાવાળા : જન્મ મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી, વલણ ગ્રામ પંચાયત, તા.કરજણ, જિ.વડોદરા

જન્મ-મરણની અધિનિયમની કલમ : ૧૩ (૩)મુજબની જન્મની નોંધણી કલમ કરવા બાબત

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટિસ આપી લગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી,અરજદારશ્રીના ભાઈનામે ઈરફાન આદમ ખાખરીયા(હાજેલા)નું જન્મ તા.01/06/1980ના રોજ મોજે વલણ, તા.કરજણ, જ.વડોદા મુકામે થયેલ,પરંતુ જે તે સમયે તેઓની જન્મની નોંધણી જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી વલણ ગ્રામ પંચાયતની કચેરીના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરવા માટે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઇસમને વાંધો કે તા હોય તો આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી 30 દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર-પુરાવા સાથે રજૂ કરવો, અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ : ૧૬-૦૯-૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો

મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ કરજણ